# કચ્છ પરથી વાવાઝોડાનો ખતરો ટળ્યો

## ભારે વરસાદ જારી રહેશે : અસર હેઠળ આઠથી દસ ઈંચ સુધીનો વરસાદ થવાની શક્યતા : વાવાઝોડાનો ખતરો ટળ્યો હોવા છતાંય તંત્ર સાબદુ : સાવચેતીના તમામ પગલાઓ લેવાયા

ગાંધીનગર, તા.૧૭

કચ્છ ઉપર તોળાઈ રહેલા વાયુ વાવાઝોડાનો ખતરો પણ હવે ટળી ગયો છે. વાવાઝોડુ ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ જતા મોટા ભાગે કચ્છ ઉપરથી ખતરો ટળી ગયો છે. જોકે, તંત્ર કોઈ તક લેવા માટે તૈયાર નથી. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. જુદી જુદી જગ્યાઓ ઉપર એનડીઆરએફની ટીમ અને બચાવ ટુકડીઓ તૈનાત રાખવામાં આવી છે. સાવચેતીરૂપે સિગ્નલો પણ યથાવત સ્થિતિમાં રાખવામાં આવ્યા છે. કચ્છ ઉપરથી વાવાઝોડાનો ખતરો ટળી ગયો છે. પરંતુ કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ તેની અસર હેઠળ થઈ શકે છે. પ્રાપ્ત માહિતી હેઠળ કચ્છમાં આઠથી દસ ઈંચ સુધી વરસાદ પડી શકે છે. કચ્છથી વાવાઝોડુ હવે દુર નથી. ૧૬૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. પરંતુ તેની તિવ્રતા ઘટી ગઈ છે. જેથી તીવ્ર પવનની સાથે વરસાદ થશે. પરંતુ વાવઝોડાના ખતરો ટળી ગયો છે. સિવિયર સાયક્લોનિક સ્ટોર્મમાંથી નબળું પડી વાયુ ડિપ્રેશન કે ડીપ ડિપ્રેશનના સ્વરૂપમાં આજે મોડી સાંજ સુધી કચ્છના નલિયા અને લખપતના કાંઠા વચ્ચે ટકરાઈ લેન્ડફોલ કરશે તેવી હવામાન વિભાગે શકયતા વ્યકત કરી છે. હાલ આ સીસ્ટમ ભુજથી દક્ષિણ-પશ્ચિમ દિશાએ ૫૫૦ કિમી દૂર અરબી સમુદ્રમાં સ્થિર છે ત્યારે વાયુની જિલ્લાભરમાં અસર વર્તાઈ રહી છે. સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. ભચાઉના ગામડા, માંડવી, અંજાર અને દૂધઈ, બન્ની વિસ્તારમાં સહિતના વિસ્તારોમાં જોરદાર વરસાદ પડયો હતો. તો, બીજીબાજુ, વાયુ વાવાઝોડાની અસરના ભાગરૂપે ૪૫થી ૬૫ કિ.મીની ઝડપે તોફાની પવન સાથે મધ્યમથી ભારે તો કયાંક અતિ ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. ભુજ હવામાન કચેરીના પ્રભારી રાકેશ કુમારે જણાવ્યું હતું કે, આજે સોમવારે આ સિસ્ટમ વહેલી સવારે યુ ટર્ન મારી કચ્છના કાંઠા તરફ ગતિ કરશે. મોડી સાંજ સુધી કચ્છના નલિયા આસપાસ લેન્ડફોલ કરી દરિયાકાંઠે ટકરાયા બાદ ઉત્તર ગુજરાતનો કાંઠો પસાર કરી દક્ષિણ રાજસ્થાન પહોંચશે. કચ્છના મોટાભાગના વિસ્તારમાં સંભવત આજે વરસાદી ગતિવિધિ શરૂ થઈ ગઈ છે. ૪૫થી ૬૫ કિ.મીની ઝડપે પવન સાથે મધ્યમથી ભારે તો ક્યાંક અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. વરસાદનું પ્રમાણ ૩થી ૮ ઈંચ સુધી રહેવાની ધારણા છે. હાલ કચ્છમાં એનડીઆરએફની ૩ ટીમ નલિયા, ગાંધીધામ અને માંડવીમાં તૈનાત છે. ભારે પવન સાથે ભારે વરસાદની આગાહી જોતાં ભુજ ખાતે એનડીઆરએફની વધુ બે ટુકડીને સ્ટેન્ડ બાય રાખવા સાથે બીએસએફની બે ટીમને પણ એલર્ટ પર રખાઈ છે. વરસાદની આગાહીના પગલે તંત્ર કોઈ પણ પ્રકારની સ્થિતિને પહોંચી વળવા સતર્ક હોવાનો દાવો કરાયો છે. હંમેશા પ્રવાસીઓથી ધમધમતા માંડવી બીચ હાલ વાયુ વાવાઝોડાના કારણે સુમસામ માહોલ ભાસી રહ્યો છે. ગઈકાલે વાયુ વાવાઝોડાના રિટર્નના પગલે કિનારે તેજ પવન સાથે સમુદ્રના પાણી આવી ચડ્યા હતા. બીચ પર પોલીસ પ્રવેશ બંધી હોવાથી લોકો જઈ શક્યા ન હતાં. સ્થાનિક સત્તાધીશો દ્વારા બે દિવસ સુધી બીચ પર પ્રવેશ પ્રતિબંધ મુકાયો છે. જિલ્લાના કાંઠાના દરિયામાં આજ પ્રકારનો કરંટ જોવા મળવા સાથે ઊંચા મોજા ઉછળ્યા હતા. બંદર પર બે નંબરનું સિગ્નલ યથાવત રખાયું છે. આ તરફ કોટેશ્વરમાં પણ તકેદારીના ભાગરૂપે સનસેટ પોઈન્ટ પર જવાની પાબંદી લંબાવી દેવાઈ છે. કોટેશ્વર અને નારાયણસરોવરમાં સહેલાણીઓની સંખ્યા ઘટી જતાં ત્યાં પણ સન્નાટાનો માહોલ જોવા મળી રહ્યો છે. તો નલિયામાં ભારે પવનના કારણે વૃક્ષો અને વીજથાંભલાઓ ધરાશયી થવાની ઘટનાઓ સામે આવી હતી. વાયુ ડિપ્રેશનમાં ફેરવાઈ આજે મોડી સાંજે સુધી નલિયા અને લખપત વચ્ચે ટકરાશે. વાયુ વાવાઝોડું રિટર્ન થતા તેની અસર હવે કચ્છમાં દેખાઈ રહી છે. એક બાજુ જિલ્લામાં વરસાદની આગાહી છે ત્યારે દરિયા કિનારે આવેલા ગામોમાં જોરદાર તોફાની પવન ફુંકાવાનું શરૂ થયું છે. સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં સરકાર અને તંત્ર હાઈએલર્ટ પર સતર્ક છે.

## હિંમતનગરના કોટન માર્કેટયાર્ડમાં તાલુકાનો કૃષિ મહોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૧૭

રાજય સરકાર દ્વારા ગુજરાતમાં રહેતા ખેડૂતોને ખેતીવિષયક માર્ગદર્શન મળે તે માટે વર્ષોથી કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ત્યારે તેના ભાગરૂપે આ વર્ષે પણ કૃષિ વિભાગ દ્વારા ખરીફ કૃષિ મહોત્સવના ભાગરૂપે સોમવારે હિંમતનગરના કોટન માર્કેટયાર્ડ ખાતે તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવનું આયોજન કરાયું હતું.

જિલ્લા અમલીકરણ સમિતિના સહયોગથી યોજાયેલ આ ખરીફ કૃષિ મહોત્સવનું ઉદ્‌ઘાટન હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના હસ્તે કરાયા બાદ તેમણે ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટે અનેકવિધ પ્રયાસો કરી ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી રહી છે. ત્યારે ખેડૂતોએ તેનો ભરપુર લાભ લેવો જોઈએ તથા દૂધ ઉત્પાદન અને પશુપાલનક્ષેત્રે દૂધઉત્પાદકોએ દુધાળા પશુઓની સંખ્યા વધારીને પગભર થવુ જોઈએ.

કોટન માર્કેટયાર્ડ ખાતે યોજાયેલા આ ખરીફ કૃષિ મહોત્સવ દરમ્યાન ખાતર અને બિયારણના સ્ટોલ મારફતે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ઉપરાંત તાલુકાના કેટલાક સ્થળે મફત પશુ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જિલ્લાના અને તાલુકા અમલીકરણ સમિતિ દ્વારા સાબરકાંઠાના પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા તથા પોશીનામાં તાલુકા મથકે કૃષિ મહોત્સવની ઉજવણી કરાઈ હતી.

આ મહોત્સવ દરમ્યાન કૃષિ તજજ્ઞો દ્વારા બાગાયતી પાકો તથા ટપક સિંચાઈ પદ્ધતિ સહીત સજીવ ખેતીથી થતા ફાયદા અંગે ખેડૂતોને માહિતગાર કરાયા હતા.



### પ્રાંતિજ કૃષિ મહોત્સવમાં મહાનુભાવો વૃક્ષારોપણ કર્યા વિના જતા રહ્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ઉમાધામ ખાતે ૨૦૧૯ કુષિ મહોત્સવ ૨૦૧૯મા ઉપસ્થિત પૂર્વ ડેપ્યુટી સીએમ તથા ઉપસ્થિત મહેમાનોને વુક્ષારોપણ કરવાનો સમય જ ના મલ્યો. પ્રાંતિજ ખાતે યોજાયેલ કુષિ મહોત્સવ દરમ્યાન વુક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું તથા આયોવેદિક રોપાઓનું વિતરણ કરવામાં આયોજન પણ પૂર્વ ડેપ્યુટી સીએમના હસ્તે કરવામાં આવ્યું હતું પણ પૂર્વ ડેપ્યુટી સીએમ તથા ઉપસ્થિત મહેમાનો પાસે કાર્યક્રમ બાદ સમય ના રહેતા આખરે વુક્ષારોપણ માટે ખોદવામાં આવેલ ખાડા એમના એમ રહ્યાં હતાં. વન વિભાગની ટીમ દ્વારા ઉપસ્થિત યુવાનો વૃધ્ધો અને મહિલાઓના હસ્તે વૃક્ષારોપણ કરાવવામા આવ્યું હતુ અને વુક્ષારોપણ કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો અને સાથે લાવેલો આયુર્વેદિક રોપાઓનું પણ વિતરણ જાતે કર્યું હતું.

## સાબરકાંઠામાં ડોકટરોની હડતાલથી દર્દીઓ મુશ્કેલીમાં

હિંમતનગર, તા. ૧૭

થોડા દિવસ અગાઉ કલકત્તામાં એક તબીબ સાથે થયેલા ઉધ્ધત વર્તનથી રોષે ભરાયેલા સમગ્ર દેશના તબીબોએ તેના વિરોધમાં એક દિવસ માટે પોતાની હોસ્પિટલો અને દવાખાના બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. જેના ભાગરૂપે સાબરકાંઠા આઈ.એમ.એ.ના આદેશથી સોમવારે સાબરકાંઠામાં તમામ તબીબોએ પોતાની હોસ્પિટલો અને દવાખાના બંધ રાખી હડતાલમાં જોડાયા હતા. જેથી જરૂરિયાતમંદ દર્દીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

હડતાલને પગલે હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, તલોદ સહીતના સ્થળે સોમવારે પોતાના દવાખાના અને હોસ્પિટલો બંધ રાખ્યા હતા. તેજ પ્રમાણે હિંમતનગરની મેડીકલ કોલેજ ખાતે વિદ્યાર્થીઓ તથા સાબરકાંઠા મેડીકલ એસોસિએશનના નેજા હેઠળ દેખાવોનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. હડતાલને પગલે ગામડાઓમાંથી આવતા જરૂરીયાતમંદ દર્દીઓને હડતાલને પગલે સારવાર મળી શકી ન હતી.

આ હડતાલને ડેન્ટલ એસોસિએશન દ્વારા પણ સમર્થન કરવામાં આવ્યું હતું. હડતાલને પગલે હિંમતનગર સહીત જિલ્લાના અન્ય સ્થળે આવેલા મોટા ભાગના મેડીકલ સ્ટોર્સમાં દર્દીઓ દવા લેવા માટે ન આવતા કેમીસ્ટો પણ નવરાધૂપ બની ગયા હતા. દરમ્યાન તબીબોએ તાત્કાલિક સારવારની સેવા ચાલુ રાખી હતી.



### પ્રાંતિજ ખાતે કેરી મનોરથ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ દેસાઈની પોળ ખાતે આવેલ શ્રી મદન મોહનલાલજી મંદિર ખાતે વૈષ્ણવ યુવક મંડળ દ્વારા તથા વૈષ્ણવ સમાજના ભાઈ-બહેનો દ્વારા મંદિરમાં કેરી મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભગવાન આગળ વિવિધ પ્રકારની કેરીઓ પ્રસાદ સ્વરુપે ચડાવવામાં આવી હતી. પ્રાંતિજ ભાખરીયા હનુમાન ચોક ખાતે આવેલ શ્રી ઘનશ્યામ લાલાજી મંદિર ખાતે પણ વૈષ્ણવો સમાજના ભાઈઓ બહેનો દ્વારા તથા મંદિરના સ્ટ્રીટગણ દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ મંદિરની અંદર કેરી મનોરથની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંદિરમાં ભગવાન આગળ વિવિધ પ્રકારની કેરીઓ પ્રસાદ સ્વરુપે વૈષ્ણવ યુવક મંડળ તથા સમાજના ભાઈઓ બહેનો દ્વારા અર્પણ કરવામાં આવી હતી અને આરતી સહિતનો લાભ લીધો હતો. બન્ને મંદિરમાં વૈષ્ણવ સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## અંબાજીની તમામ શાળાઓમાં ફાયરસેફટી અને બીયુ પરમીશન ન લેવાને કારણે બાળકોની સુરક્ષા સામે સવાલ

**અંબાજીની તમામ સરકારી અને ખાનગી શાળાઓ પાસે ફાયર સુવિધા નથી**

અંબાજીના નગરમાં આવેલી તમામ સરકારી અને ખાનગી શાળાઓએ ફાયર સુવિધા માટે કોઈજ પ્લાન કરેલ નથી. શાળાઓનું સત્ર ખુલી ગયું છે ત્યારે હવે શિક્ષણ વિભાગ આ બાબતે આવી શાળાઓ સામે કાયદેસર કાર્યવાહી કરવાના ચક્રો ગતિમાન કરે.

અંબાજી, તા. ૧૭

અંબાજી એટલે માતાજીનું પ્રસિદ્ધ મંદિરની યાદ આવી જાય. આ મંદિરવાળા ગામમા લોકોનો સમુહ વસવાટ કરે છે. આ ગામમા વિવિધ સ્કૂલો આવેલી છે, સુરત તક્ષશીલા કાંડ બાદ સફાળી જાગેલી ગુજરાત સરકારે શિક્ષણ શાખાને આદેશ કરી આવી શાળાઓને તાત્કાલીક ફાયર સેફટીની સુવિધા લેવા આદેશ કર્યો છે અને આ સિવાય બાળકોની સલામતી માટે લેવાતી સુરક્ષા માટે પણ આજે પાલનપુર ખાતે યોજાયેલી મિટિંગમા સૂચના આપવામાં આવી હતી.

આજે બનાસકાંઠા જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીએ ફોન ઉપર જણાવ્યું હતું કે બાળકોની સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની સમજાવટ નહીં થાય જે પણ બનાસકાંઠામા આવી શાળાઓ આવેલી છે તેમણે અમે ફાયરસેફટી માટે જણાવાયું છે સાથે બીજી કોઈ સુરક્ષા લેવી પડે તો તે લેવા માટે આજે મિટિંગ કરી છે.

**અંબાજીની એલ. જે. ઠાકુર શાળા આગળ ગંદકી**

અંબાજીની શકિતધારા સોસાયટીમાં આવેલી એલ. જે. ઠાકુર શાળા આગળ વરસાદનું પાણી ભરાય છે અને ગંદકી થાય છે. આ શાળામાં પણ ચોપડીઓ વેચવામાં આવી હતી અને વાલીઓને પાકું બિલ આપ્યું ન હતુ?

## શામળાજીમાં અજાણ્યા વાહન પાછળ ટ્રક-ટ્રેલર ઘુસી જતા અકસ્માત

શામળાજી, તા. ૧૭

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર ભારવાહક વાહન ચાલકો બેફિકરાઈપૂર્વક વાહન હંકારતા હોવાથી અકસ્માતની ઘટનાનોમાં સતત વધારો થઈ રહ્યો છે. શામળાજી બસ-સ્ટેન્ડ નજીક રાજસ્થાન તરફથી આવતા ટ્રક-ટ્રેલરના ચાલકે આગળ જઈ રહેલા વાહન સાથે ભટકાડી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રક-ટ્રેલરના ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે ટ્રાફિકજામ સર્જાતા શામળાજી પોલીસે ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો.

શામળાજી બસસ્ટેન્ડ નજીક રાજસ્થાન તરફથી આવતા માલસામાન ભરી આવતા ટ્રક-ટ્રેલર (ગાડી.ઈન્ન આરજે.૨૦. જીબી ૪૮૫૭)ના ચાલક અર્જુન રાજારામજી રેબારી (રહે, પદમપુરા, ભીલવાડા-રાજસ્થાન) એ ગફલત ભરી રીતે ટ્રક-ટ્રેલર આગળ જતા અજાણ્યા ભારે વાહનમાં ઘુસાડી દેતા ટ્રક-ટ્રેલરના બે ઉભા ફાળકા થઈ જતા રોડ પર આડુ પડી ગયું હતું. ટ્રક-ટ્રેલરના કેબિનનો કડૂચાલો વળી જતા ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

### એક તરફી પ્રેમમાં પાગલ બનેલા યુવકે

## નાંદોત્રામાં નિર્દોષ યુવતિને મોતને ઘાટ ઉતારી

વડગામ તાલુકા માં પ્રતિદિન કાયદો અને વ્યવસ્થા કથળી રહ્યો છે હત્યા ના બનાવો માં પણ નોંધ પાત્ર વધારો થતાં રહ્યો છે જેને લઈને વડગામ ની જનતા માં ફફડાટ વ્યાપી ગયો છે. વડગામના નાંદોત્રા માં દિન દહાડે એક યુવતિ ની ઘર માંજ હત્યા કરી દેવાતાં વડગામ પંથકમાં ચકચાર મચી ગઈ છે.

છાપી પોલીસ મથક ના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ નાંદોત્રા ગામમાં રહેતા મોઘજીભાઈ વિરસંગભાઈ ભટોળ (ચૌધરી) તેમના ખેતરમાં જ ભાગીયા તરીકે રહેતો વડગામ તાલુકા ના જ ખરોડીયા ગામનો રાહુલભાઈ દશરથભાઈ ભરથરી મેઘનાબેન મોઘજીભાઈ ભટોળ ઉ.વર્ષ (૧૮ )સામે બદ દાનત રાખીને ખોટુ વિચારી રહ્યો હતો પરંતુ મેઘના તથા તેમના કુટુંબીજનો આ યુવકને સમજી શક્યા ન હતા



ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતો રાહૂલ ભરથરી પોતાની બદ દાનત રાખીને સોમવાર ના સવારે આશરે.૧૦:૧૫ થી ૧૧ ના સુમારે મેઘના પોતાના ઘરમાં પોતું લગાવી રહી હતી તે સમયે આ યુવક ઘરમાં આવી પહોંચી ને પાછળ થી યુવતી ને ગળાના ભાગે કોઈ તિક્ષ્ણ હથિયાર થી ગળા ઉપર ઘા કરતાં યુવતી ઢળી પડી હતી યુવક ઘડી ભરમાં ઘટના ને અંજામ આપીને નાસી છુટયો હતો આ અંગેની જાણ યુવતીના કુટુંબીજનો ને થતાં જ તેમના ઉપર દુઃખ નો ડુંગર ટુટી પડ્યો હતો આ વાત ગામમાં પ્રસરી જતાં લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા આ બાબત ની જાણ પોલીસને થતાં જ વડગામ તેમજ છાપી પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને યુવતીની લાશને વડગામ સીએચસીમાં પીએમ માટે લઈ જવાઈ હતી નિર્દોષ યુવતિને મોતને ઘાટ ઉતારનાર રાહૂલ ભરથરી ને પોલીસે ગણતરીના સમય માં જ દબોચી દીધો હતો તેની સામે કાયદેસરની ની કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે ફરીયાદ યુવતીના પિતા મોઘજીભાઈ વિરસંગભાઈ ભટોળ (ચૌધરી) છાપી પોલીસ મથકે નોંધાવી હતી વડગામ સીએચસીમાં માં પેનલ થી પીએમ કરીને લાશને તેના કુટુંબીજનો ને સોંપવામાં આવી હતી વડગામ પંથકમાં આ ઘટના ને લઈને ચકચાર મચી ગઈ છે.

## હિંમતનગરમાં શુભ ટેનામેન્ટમાં હાઈ ટેન્શન વીજ લાઈનમાં ધડાકો થતા લોકોમાં ભય

હિંમતનગર, તા. ૧૭

ઉત્તર ગુજરાત વીજ કંપનીની બેકાળજીને લીધે સાબરકાંઠામાં અનેક સ્થળે અપ્રિય ઘટનાઓ બની હોવા છતાં વીજ કંપનીના અધિકારીઓના પેટનું પાણી હાલતુ નથી. જેના લીધે નુકસાનકર્તાઓ સહન કરવાનો વારો આવે છે. દરમ્યાન સોમવારે બપોરે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં હાઈ ટેન્શન વીજ લાઈનમાં અચાનક થયેલા ધડાકાને કારણે ૧૦થી વધુ મકાનોમાં વીજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હતા. જેથી આ રહીશોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી વીજ કંપની નુકસાન ભરપાઈ કરે તેવી માંગ કરી છે.

આ અંગે મહાવીરનગરમાં આવેલ શુભ ટેનામેન્ટમાં રહેતા પ્રસાદભાઈ મહેતા, મનુભાઈ પાઠક, પોપટભાઈ રામી, મુકેશભાઈ જાની તથા ઈન્દ્રજીતસિંહ રાઠોડે કલેક્ટરને કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ સોમવારે બપોરના સુમારે તેઓના મકાનમાં ડિશ કેબલ ટીવીનો કારીગર રીપેરીંગ કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક આ સોસાયટીમાંથી ખુબજ નીચેથી પસાર થતી ઉત્તર ગુજરાત વીજ કંપનીની હાઈટેન્શન લાઈનના જોરદાર વીજ પ્રવાહને કારણે કેબલનો વાયર અચાનક તેની સાથે સ્પર્શી ગયો હતો.

ત્યારબાદ એકાએક ૧૦થી વધુ મકાનોમાં ધડાકા શરૂ થઈ ગયા હતા. જેના લીધે સોસાયટીમાં ભયનો માહોલ પ્રસરી ગયો હતો. તો બીજી તરફ સુરતમાં બનેલી તાજેતરની ઘટનાની યાદને લઈને અનેક લોકો કામ છોડીને ઘરની બહાર દોડી આવ્યા હતા.

### નિષ્પક્ષ બનીએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પક્ષની બાબતને ધ્યાનથી સાંભળીને આગળ વધવામાં આવશે. નંબરોની ચિંતા કર્યા વગર સાથે આવવાનો સમય છે. વિપક્ષી દળોનો અવાજ અમારા માટે ઉપયોગી છે. તેમના માટે વિપક્ષના દરેક શબ્દ મુલ્યવાન છે. દરેક ભાવના મુલ્યવાન છે. મોદીએ કહ્યુ હતુ કે જ્યારે અમે ચેયરની ખુરશી પર બેસી જઈએ છીએ ત્યારે પક્ષ અને વિપક્ષની ભાવના કરતા નિષ્પક્ષની ભાવના વધારે ઉપયોગી બની જાય છે. અનેક દશકો બાદ એક સરકારને પૂર્ણ બહુમતિની સાથે પહેલા કરતા વધારે સીટો સાથે જનતાએ સેવા કરવાની તક આપી છે. મોદીએ ગૃહમાં ગતિરોધ બદલે સક્રિય ભાગીદારીની તમામ લોકોને અપીલ કરી હતી. તેમણે કહ્યુંહતું કે, છેલ્લા પાંચ વર્ષનો અનુભવ રહ્યો છે કે, જ્યારે ગૃહની કામગીરી ચાલી છે ત્યારે દેશના હિતમાં સારા નિર્ણય લેવામાં આવ્યા છે. આ અનુભવના આધાર ઉપર આશા કરીએ છીએ તમામ પક્ષ ઉત્તમ પ્રકારની ચર્ચા અને જનહિતના નિર્ણય કરવામાં આગળ આવશે. લોકોને અપેક્ષા પરિપૂર્ણ કરવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છે. સબકા સાથ સબકા વિકાસ સાથે યાત્રાની શરૂઆત કરી હતી. જેમાં દેશની જનતાએ વિશ્વાસ ભરી દીધો છે. વિપક્ષી દળોનો અવાજ સરકાર માટે મહત્વપૂર્ણ રહેશે. મીડિયા પણ સહકાર આપે તે જરૂરી છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદીની આંધી વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ બહુમતિ મેળવી હતી. ભારતીય જનતા પાર્ટીએ એકલા હાથે ૩૦૩ સીટો જીતી લીધી હતી. જ્યારે કોંગ્રેસ પાર્ટીને માત્ર ૫૨ સીટો મળી હતી. બજેટ સત્ર દરમિયાન લોકસભામાં પાંચમી જુલાઈના દિવસે નવા નાણાંમંત્રી નિર્મલા સીતારામન વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું સંપૂર્ણ બજેટ રજુ કરશે. બીજી અવધિમાં મોદી સરકારનું આ પ્રથમ બજેટ રહેશે.

### કાફલા પર હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈ પણ પ્રકારનું નિવેદન કરવામાં આવ્યુ નથી. મળતી માહિતી મુજબ, આજે સાંજે સેનાની ૪૪ રાષ્ટ્રીય રાઈફલના કાફલાને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ એ વખતે કરવામાં આવ્યો હતો જ્યારે આ કાફલો પુલવામાના અરિહલ ગામમાં સ્થિત દરગાહની નજીકથી પસાર થઈ રહ્યો હતો. બોમ્બ પ્લાન્ટ કરીને ત્રાસવાદીઓએ કાફલાને ફુંકી મારવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવમાં સેનાના એક વાહનને નુકસાન થયું હતું. બ્લાસ્ટ બાદ સમગ્ર વિસ્તારમાં ભાગદોડ મચી ગઈ હતી. હુમલો કર્યા બાદ તપાસ અભિયાન મોટા પાયે હાથ ધરવામાં આવ્યું હતું. દક્ષિણ કાશ્મીરમાં હાઈ એલર્ટની જાહેરાત કરીને અરીહલ ગામમાં ઉંડી શોધખોળ હાથ ધરી છે. સમગ્ર વિસ્તારમાં શોધખોળ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં સેના, સીઆરપીએપ, જમ્મુ-કાશ્મીર પોલીસની ટુકડી જોડાઈ હતી. આ પહેલા પણ પુલવામામાં પણ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે ત્રાસવાદીઓ સીઆરપીએફના કાફલાને ફુંકી મારવામાં સફળ રહ્યા હતા. ૧૪મી ફેબ્રુઆરીની આ ઘટનામાં ૪૦ જવાબ સુરક્ષા જવાનો શહીદ થયા હતા. આ હુમલા બાદ બનિહાલમાં સીઆરપીએફના કાફલાને બોમ્બથી ફુંકી મારવાનો પ્રયાસ થયા હતા.

### વરસ્યા નહીં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પલવારમાં જ વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા. જો કે શહેર સિવાય આસપાસના ગામોમાં કેટલાક ઠેકાણે ધોધમાર વરસાદ વરસ્યો હતો. પેથાપુર નારદીપુર સહીતના વિસ્તારમાં મેઘરાજા ધોધમાર વરસ્યા હતા. જેના લીધે આ વિસ્તારમાં ઠેકઠેકાણે વરસાદી પાણી ઉભરાયા હતા. જયારે થોડીવારમાં જ વરાપ નિકળ્યો હતો. વાતાવરણમાં ઉડતી ધુળની ડમરીઓ વચ્ચે મોડી સાંજે વાદળિયુ વાતાવરણ યથાવત થઈ ગયુ હતુ. વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવ્યા બાદ ધોધમાર વરસાદ વરસશે તેવી આશ બંધાઈ હતી. પરંતુ આકાશમાં ગોરંભાયેલા વાદળો મનમુકીને વરસ્યા ન હતા. સવારથી જ વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધુ અનુભવાયુ હતુ. જયારે દિવસ દરમિયાન આકરા બફારાથી નગરજનો ત્રાહીમામ પોકારી ગયા હતા. છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં મોસમનો મિજાજ ગમે ત્યારે બદલાય છે. જેના લીધે આકાશી નઝારો પણ જોવાલાયક બને છે. પરંતુ વરસાદી વાદળો આકાશમાં અડીંગો જમાવી વરસ્યા વિના જ વિદાય લઈ લેતા વરસાદની આશ ઠગારી નિવડે છે. આજે પણ આખા દિવસના ઉકળાટ બાદ સાંજે મેહુલિયો મન મુકીને વરસશે તેવી આશ બંધાઈ હતી. પરંતુ મેઘરાજાએ મહેર કરી ન હતી. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮.૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૩૦ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૫ થી ૫૮ ટકા રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધી રહ્યુ છે. રોજબરોજ આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો વરસતા નથી. વરસાદી માહોલ મન લુભાવે છે.

### સામાન્ય સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદાન કે મંજૂર ના મંજૂરની કોઈપણ ઘોષણા વગર અનિર્ણીત અવસ્થામાં જ દરખાસ્ત રાખી મેયરે સભાનું કામકાજ પૂર્ણ થાય છે તેવી જાહેરાત કરી સૌને ચોંકાવી દીધા હતા. આમ આજની સામાન્ય સભા અજ્ઞાનતા, અનિર્ણિત અને અનિયમિતતાઓને ખુલ્લી પાડી કોઈપણ નિર્ણય વગર પૂરી થઈ હતી. જાણે ઔપચારિકતાઓ નિભાવવાની વાત હોય એવુ લાગ્યુ. આ સાથે મનુભાઈ પટેલ અને હસમુખ મકવાણાની રજુ થયેલી દરખાસ્તો ટાળવામાં સત્તાધારી પક્ષ સફળ જરૂર થયો પણ પક્ષમાં જે આંતરકલહ છે તેની છાપ આ સામાન્ય સભામાં સ્પષ્ટ રીતે વાંચી શકાતી હતી.

### ઈસનપુર મોટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શર્મિષ્ઠા સંજય પટેલ, જયોત્સના સુરેશ પટેલ તમામ રહે ઈસનપુર મોટા ગુગરીયા વાસ પોતાના બોર કુવા પર ઉમંગ ભરતભાઈ પટેલને ગેરકાયદેસર મંડળી બનાવી ગાળો બોલી આરોપી સુરેશ સહીતનાએ તેમને લોખંડની દાંતરડી મારી હતી. માથામાં લોખંડની કોદાળી લાકડી તેમજ પત્થર વડે માર મારી તેમને ગંભીર ઈજા પહોંચાડી હતી. ઉમંગભાઈની સોનાની ચેઈન તેમજ મોબાઈલ ફોન પણ નીચે પાડી દીધો હતો. આ ગુન્હા સંદર્ભે ચિલોડા પોલીસ મથકે આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધાયો હતો. જમીનની અદાવત મામલે કરાયેલા આ હુમલા અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે દલીલો કરી હતી. સરકારી વકીલે સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા માટે તેમજ ઈજા પામનારને અઢી લાખનો ખર્ચ થયો હોવાનુ પણ કોર્ટ સમક્ષ જણાંવી ઈજા પામનારને વળતર મળે તેવો આદેશ કરવા પણ દલીલમાં જણાંવ્યુ હતુ. આ દલીલને ધ્યાને લઈ જજ આઈ જે વોરાએ આરોપી સુરેશ ઉર્ફે બકાભાઈને ૪ વર્ષની કેદની સજા તેમજ દંડ ઉપરાંત આરોપી પ્રહલાદ રામાભાઈ પટેલને ૨ વર્ષની સખત કેદની સજા અને રૂ ૫૦ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. તેમજ ફરિયાદીને દંડની રકમમાંથી વળતર પણ ચુકવી આપવા કોર્ટે આદેશ કર્યો છે.

### ટેક્સ ચોરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન કારવાયા હોય તેવી વાત પણ સામે આવી છે. જયારે કેટલાક કિસ્સામાં કારની કિંમત ઓછી દર્શાવીને ટેકસ ચોરી કરવામાં આવી છે. જયારે કૌભાંડ પાછળ જવાબદાર અધિકારીઓ કોરાણે રહી જાય અને નાના કર્મચારીઓ પર દોષનો ટોપલો ઢોળી દેવાય તેવી પણ ગતિવિધિઓ ચાલી રહી હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. આ મામલે તટસ્થ તપાસ થવી અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.